ક્રમાંક: અનઘ-૧૧૨૦૧૧-૫૩૧૯-લ (પાર્ટ-૧)
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**
**ગુજરાત સરકાર**
બ્લોક નં. ૧૪, ૯ મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. 10 JUN 2013

પ્રતિ,

- તમામ નિર્દિષ્ટ સત્તામંડળ
- તમામ નગર નિયોજકશ્રી, (મુ.ન.નિ.શ્રી મારફતે)

વિષય: અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ બાબત

મહાશય,

ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમબધ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ અધિનિયમ હેઠળઃ

(૧) હાઈરાઈઝ પ્રકારના બિલ્ડીંગો કે લો-રાઈઝ પ્રકારના બિલ્ડીંગોમાં ફાયર સુવિધાઓના અભાવને કારણે અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવાના કિસ્સાઓમાં કોઈ એક કબ્જેદાર/માલિક દ્વારા નિયમબધ્ધ કરવાની અરજી કરાયેલ હોઈ, અને ફાયરની વ્યવસ્થામાં ખામી હોય તો, તેવા કિસ્સાઓમાં બાંધકામના તમામ કબ્જેદારોની જવાબદારી ધ્યાને રાખી મહાનગરપાલિકાએ ફાયરની વ્યવસ્થા કરાવવાની જરુરી ફરજ પાડવી જોઈએ. તેથી ફાયરની વ્યવસ્થા સંદર્ભે સમગ્ર બાંધકામમાં ફાયર સેફટી માટેનો સુવિધાઓનો ખર્ચ એક વ્યકિએ ભોગવવાનો ન થાય.

(૨) અધિનિયમની કલમ-૬ની જોગવાઈ મુજબ નિયમબધ્ધ કરવાની ફી ભર્યા બાદ નિયમબધ્ધ કરવાનો હુકમ કરવાનો રહે છે. આમ જે કિસ્સાઓમાં હુકમ કરી દેવામાં આવેલ હોઈ તે તમામ કિસ્સાઓમાં નિયમબધ્ધ કરવાની કામગીરી પુર્ણ થયેલ ગણાય જેથી તેવા કિસ્સાઓમાં ફી રીફંડ કરી શકાય નહીં. બાકી અન્ય કિસ્સાઓમાં સત્તામંડળે નિયમબધ્ધ કરવાનાથતાં હુકમ પહેલા સુધારેલ ફીના ધોરણો પ્રમાણે ફી વસુલ કરી નિયમબધ્ધ કરવાનું રહે છે.

આપનો વિશ્વાસુ,

(વિ.એન.પટેલ)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

E:\Raj Chavda\Corrospondance\Latter-2.DOC

Generated by CamScanner from intsig.com